સે-૧૬ છ-ટાઈપ વિસ્તારમાં ગટરો ઉભરાતા રહિશો ત્રસ્ત

ગાંધીનગર, તા.૧૮

સેકટર-૧૬ના 'છ' ટાઈપ વિસ્તારમાં છેલ્લા એક અઠવાડીયાથી ગટરનું દુષિત પાણી ઉભરાતા સ્થાનિક રહીશો દુર્ગંધયુકત માહોલ વચ્ચે ગુંગળામણ અનુભવી રહ્યા છે. સેકટરમાં ઉભરાતી ગટરોની સમસ્યા નિવારવા તંત્ર સમક્ષ રજુઆત કરવા છતાં કોઈ પગલા લેવાયા નથી.

ગટરના દુષિત પાણીથી રહિશોને ગુંગળામણ તંત્રને રજુઆત

શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા છાશવારે ઉદભવે છે. સેકટરોમાં ગટરનું દુષિત પાણી ઉભરાતા ગંદકીની સમસ્યા જટીલ બને છે. સેકટર-૧૬ના 'છ' ટાઈપ વિસ્તારમાં પણ ગટરો ઉભરાતા વસાહતીઓના ઘર આંગણે દુષિત પાણીનો ભરાવો થાય છે. છેલ્લા એક અઠવાડીયાથી ઉદભવેલી આ સમસ્યાના લીધે રહેણાંક વિસ્તારમાં ગંદકી ખદબદી રહી છે. દુર્ગંધયુકત માહોલના લીધે સ્થાનિક રહીશો ગુંગળામણ અનુભવી રહ્યા છે. ગટરોનું દુષિત પાણી ઉભરાતા સ્થાનિક રહીશોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો હોવાનો આકોશ પ્રબળ બન્યો છે.

બીજી તરફ આ મામલે સ્થાનિક ઈન્ક્વાયરી કચેરી તેમજ સંબંધીત તંત્ર સમક્ષ રજુઆત કરવા છતાં સમસ્યાનું નિરાકરણ આવ્યું નથી. સેકટરમાં ગટરો ઉભરાતાં નાગરિકોએ મુંઝવણભરી સ્થિતિમાં મુકાવું પડે છે. આવા સંજોગોમાં સ્થાનિક ઈન્ક્વાયરી કચેરીઓ પણ શોભાના ગાંઠીયા સમાન હોવાનું સ્પષ્ટ થતા આમ નાગરિકોની રજુઆત સંદર્ભે પણ પગલા લેવાતા નથી. તંત્ર કક્ષાએથી ત્વરીત અસરથી કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ રહીશોએ વ્યકત કરી છે.

સેકટર-૬માં સ્કૂલ રીક્ષાનો અકસ્માત ત્રણ વિદ્યાર્થિનીને ઈજા

આંતરિક માર્ગ પર રીક્ષા પલટી ખાતા અકસ્માત સર્જાયો

ગાંધીનગર, તા. ૧૮

સેકટર-૬ના આંતરિક માર્ગ પર ઓ બપોરે એક સ્કૂલ રીક્ષાને અકસ્માત ન પડતાં ત્રણ વિદ્યાર્થિનીઓને ઈજાઓ થવા પામી હતી. જો કે બનાવ સંદર્ભે પોલીસ ફરીયાદ નોંધાઈ ન હતી.

શહેરમાં ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે પૈંડા પરની જીંદગી દિન-પ્રતિદિન વધુ જોખમી બનતી જાય છે. શહેરના મુખ્ય માર્ગો પર ગતિ નિયંત્રણની વાત વિસરાતા બેફામ જતા વાહનો અકસ્માતને નોંતરે છે. મુખ્ય માર્ગો પર સ્થિત ક્રોસ રસ્તાઓ હજુ પણ યથાવત છે ત્યારે વાહનોમાં ગતિ નિયંત્રણ ન જળવાતા માર્ગ સલામતિ વધુ જોખમાઈ છે. બીજી તરફ સેકટરના આંતરિક માર્ગો પર ટ્રાફિકની અવરજવર વધતાં અકસ્માતોના બનાવો વધ્યા છે. જ્યારે ઓવરલોડ જતાં સ્કૂલવર્ધીના વાહનો પણ માર્ગ સલામતીની દૃષ્ટિએ જોખમી હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. સેકટર-૬માં આજે સ્કૂલ રીક્ષા અકસ્માતનો ભોગ બની હતી. સેકટર-૧૨/૬ની આંતરીક માર્ગની ચોકડી પાસે આજે બપોરે જતી સ્કૂલ રીક્ષા પલટી ખાઈ જતાં ત્રણ વિદ્યાર્થિનીઓને ઈજાઓ થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ પૈકી બે વિદ્યાર્થિનીને સામાન્ય તેમજ અન્ય એક વિદ્યાર્થિનીને વત્તાઓછા પ્રમાણમાં ઈજાઓ થવા પામી છે. સદ્દનસીબે કોઈને વધુ ગંભીર ઈજાથી નથી જો કે આ મામલે પોલીસ ફરીયાદ થઈ નથી.

આજે રૂદ્રાભિષેક મંડળની મિટીંગ

ગાંધીનગર, તા. ૧૮

રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરના સભ્યોની અગત્યના મુદ્દાની ચર્ચા કરવા તા. ૧૯મી ડિસેમ્બરની રોજ ચાર વાગે પંચદેવ મંદિર ખાતે સેકટર-૨૨માં રાખેલ છે. રૂદ્રાભિષેક મંડળના સહમંત્રી નરેન્દ્રભાઈ જાનીએ જણાવેલ છે.

ભારતના જયોતિષીઓ આગાહીનો પડકાર ઝીલી શક્યા નહી

ગાંધીનગર, તા. ૧૮

ભારતના જયોતિષકારોને ભારત જન વિજ્ઞાન જાથા તરફથી રૂા. ૧૫ લાખનો પડકાર આપવામાં આવ્યો હતો કે, ગુજરાતની ચૂંટણી પરિણામોની સચોટ આગાહી કરી રૂા. ૧૫ લાખ જીતવા માટે તા. ૧૭મી સુધી મહેતલ આપી હતી. જે અંગે આગાહીકારો અસમર્થ રહ્યા હતા. જેથી જયોતિષીઓ લોકોને ગુમરાહ કરતાં નજરે પડે છે.

પોલીસ ચૂંટણીના બંદોબસ્તમાં રહી, ને ઘરફોડીયા ફાવી ગયા..!

સે. ૭માં રહેતા કાર્યપાલક ઈજનેરના મકાનનું તાળુ તોડી તસ્કરોનો હાથફેરો : સે. ૨૧ના સરકારી મકાનમાં પણ ઘરફોડ

ગાંધીનગર, તા. ૧૮

જિલ્લા પોલીસ એક તરફ ચૂંટણી બંદોબસ્તમાં બે દિવસથી સતત વ્યસ્ત રહી ત્યારે બીજી તરફ આ તકનો લાભ લઈને તસ્કરો શહેરના બબ્બે મકાનોને નિશાન બનાવી ઘરફોડ ચોરી કરી ગયા હતા. સેકટર-૭-ડીમાં પરિવાર ઘરમાં રાત્રે ઘોર નિંદ્રામાં હતુ તે દરમ્યાન તસ્કરો તેમના મકાનમાં ઘુસીને હાથ સાફ કરી ગયા હતા તે ઉપરાંત સે. ૨૧ના સરકારી મકાનમાં પણ ઘરફોડ ચોરી થવા પામી છે. પોલીસે બન્ને ઘરપોડ ચોરીના ગુના નોંધી તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર શહેરના સેકટર૭-ડી, પ્લોટ નં. ૧૩૨૮/૨માં રહેતા અને પાણી પુરવઠા બોર્ડમાં કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા પ્રકાશભાઈ હસમુખલાલ શાહ તેમના પરિવાર સાથે ગત રાત્રીએ પોતાના ઘરે નિંદ્રાધીન હતા તે દરમ્યાન રાત્રીના સમયે તસ્કરોએ તેમના મકાનને નિશાન બનાવી નીચેના રૂમના દરવાજાનું તાળુ તોડી નાંખ્યું હતું અને અંદર પ્રવેશીને રૂ. ૯ હજાર રોકડા, યુ.એસ. ડોલર તથા ચાંદીના સિક્કાઓ મળીને રૂ. ૧૦,૮૫૦ની મત્તાની ઉઠાંતરી કરી ઘરફોડ કરી ગયા હતા. તો બીજી તરફ શહેરના સેકટર-૨૧ છ-ટાઈપ ખાતેના બ્લોક નં. ૧૨૪/૧માં રહેતા કિશોરીબેન નરેન્દ્રકુમાર નવીનચંદ્ર ઠક્કર બે દિવસ પરીવાર સાથે મકાનને તાળુ મારીને બહારગામ ગયા હતા. આજે સવારે ૯ વાગ્યે ઘરે આવીને જોયું તો તેમના મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તુટેલુ હતું. મકાનમાંથી સોના ચાંદીના દાગીના તથા ઘડીયાળ અને મોબાઈલ તથા રોકડ રકમ મળીને રૂ. ૩૧,૧૦૦ની મત્તાની ઘરફોડ ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા. પોલીસે બન્ને ઘરફોડ ચોરીના ગુના નોંધી તપાસ શરૂ કરી છે.

વડોદરાનો યુવાન ગુમ થયો

ગાંધીનગર, તા. ૧૮

ડભોડા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. શ્રી એસ.કે. દેસાઈનાં જણાવ્યા પ્રમાણે વડોદરા ગામના મહેશભાઈ અંબાલાલ પંડ્યા, પંદરેક દિવસથી મગજની અસ્થિરતાને કારણે કયાંક જતા રહેલ છે. મજબૂત બાંધાનો, રંગ ઘઉંવર્ણો, મોટું લંબગોળ મોઢું છે. શર્ટ અને પેન્ટ પહેરેલ છે.

થ્રો બોલ નેશનલ સ્પર્ધામાં જીલ જોષીએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૧માં આવેલી માઉન્ટ કાર્મેલ શાળાની ધોરણ-૯-ડીમાં અભ્યાસ કરતી જીલ જોષીએ અને દિગ્વીજય ચાવડાએ થ્રો બોલ રમતમાં નેશનલ લેવલની ગુજરાત રાજય અન્ડર ૧૭ની ટીમમાં પસંદગી પામ્યા અને ગુજરાત અને માઉન્ટ કાર્મેલ શાળાનું પ્રતિનિધિત્વ કરી અંબિકાપુર, ઝારખંડ ખાતે સ્કુલ ગેમ ફેડરેશન દ્વારા યોજાયેલ નેશનલ થ્રો બોલ અંડર ૧૭ ટુર્નામેન્ટમાં સફળતાપૂર્વક ભાગ લીધો હતો.

માઉન્ટ કાર્મેલ સ્કૂલની જીલ જોષી થ્રો બોલ રમતમાં નેશનલ લેવલની ગુજરાત રાજય અન્ડર ૧૭ની ટીમમાં પસંદગી પામતા શાળાના આચાર્યા સીસ્ટર રેણુકાએ અભિનંદન પાઠવ્યા હતા. જીલ જિલ્લા યોગ સ્પર્ધામાં પણ પ્રથમ ક્રમે વિજેતા બની હતી અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાની ફાઈનલમાં બેસ્ટ ટીન એજર પ્રિન્સેસ તરીકે વિજેતા થઈ હતી. તેમજ વિવિધ ગરબા અને નૃત્ય હરિફાઈમાં વિજેતા બની છે. શાળા પરિવારે તેને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

ત્રીમંદિર પાછળ ટ્રેનની અડફેટે શ્રમિક યુવાનનુ કમકમાટીભર્યુ મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર નજીકના અડાલજ ત્રીમંદિર પાછળના વિસ્તારમાં એ.ટી.પી.એલ.ના મકાનોની કન્સ્ટ્રકશન સાઈટમાં મજુરી કામ કરતા મુળ ગોધરા વિસ્તારના મજૂરની રેલવે ટ્રેક પાસેથી મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. મજૂરનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અડાલજ પોલીસે મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં ટ્રેનની અડફેટે મજૂરનું મૃત્યુ થયું હોવાની આશંકા છે.

અડાલજ ત્રીમંદિરની પાછળના વિસ્તારમાં બાંધકામ ચાલી રહેલા એ.ટી.પી.એલ.ના મકાનોમાં મજુરી કામ કરતો મુળ ગોધરાનો ૨૨ વર્ષીય યુવાન અરવિંદ રમાભાઈ બારીયાનો આજે બપોરના સુમારે નજીકના રેલવે ટ્રેક પાસેથી મૃતદેહ મળી આવ્યો હતો. લોહીલુહાણ હાલતમાં રેલવે ટ્રેક નજીક પડેલો મૃતદેહ જોઈને તાત્કાલિક અડાલજ પોલીસને જાણ કરી દેવાતા પોલીસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. રેલવે ટ્રેકની બાજુના એક થાંભલા પર પણ લોહીના ડાઘ દેખાતા પોલીસે અનુમાન લગાવ્યું છે કે આ યુવાનને ટ્રેનની અડફેટ લાગતા ફંગોળાઈને થાંભલે અથડાયો હશે અને તેનું મૃત્યુ થયું છે. અડાલજ પોલીસ આ બનાવનો ગુનો દાખલ કરી એ.એસ.આઈ. ભુપતજીએ મુતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી તપાસનો દૌર શરૂ કર્યો છે.

રાષ્ટ્રકક્ષાની ફૂટબૉલ સ્પર્ધામાં સદાફખાન પઠાણની પસંદગી

ગાંધીનગર, તા. ૧૮

તા. ૨૫મી ડિસેમ્બરે આંદામાન-નિકોબાર ખાતે યોજાનાર રાષ્ટ્રકક્ષાની ફૂટબોલ અંડર-૧૯ ભાઈઓની સ્પર્ધામાં સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલના તેજસ્વી વિદ્યાર્થી સદાફ ખાન પઠાણની પસંદગી થયેલ છે.

ગાંધીનગરના જાણીતા સ્પોર્ટ્સ એથલીટ સલીમખાન પઠાણ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે જાણીતા યાસ્મીન બાનુ પઠાણના સુપુત્ર હોવાના નાતે સદાફખાન પઠાણમાં બાળપણથી વારસો આવ્યો છે. રાષ્ટ્રકક્ષાની સ્પર્ધાના પસંદગી થતાં રાજશ્રી સિનેમા તથા આર.વર્લ્ડ સિનેમા ગ્રુપ અને પેથાપુર-વાવોલ મુસ્લિમ સમાજ દ્વારા અભિનંદન પાઠવેલ છે.

આદર્શ નિવાસી અ.જા. કન્યા શાળામાં રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૧૩માં આવલી આદર્શ નિવાસી અનુસૂચિત જાતિ કન્યા શાળામાં તાજેતરમાં બે દિવસનો શાળાકીય રમતોત્સવ આદર્શ નિવાસી અ.જા. કુમાર શાળા, સેકટર-૮, ગાંધીનગર ખાતે યોજાયો હતો.

આદર્શ નિવાસી અ.જા. કન્યા શાળાના રમતોત્સવમાં એથ્લેટીકસ અને સાંઘિક વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. રમતોત્સવની શરૂઆતમાં શાળાના આચાર્યા કુસુમબેન ચૌહાણે ઉદઘાટન કર્યું હતું અને વિદ્યાર્થીનીઓએ પ્રતિજ્ઞા વાંચન કરી રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવની તૈયારી દર્શાવી હતી. આચાર્યાએ લીલી ઝંડી આપી ૧૦૦મી. દોડની શરુઆત કરી હતી. સમગ્ર રમતોત્સવમાં ૧૦૦મી, ૨૦૦મી. દોડ, જલદ ચાલ, લાંબી કૂદ, ઉંચી કૂદ, ગોળા ફેંક, ચક ફેંક, બરછી ફેંક, કબડ્ડી અને ખો ખો જેવી રમતોમાં કુલ ૧૩૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ૧૦૦ મી. દોડમાં હિરલ સોલંકી, આશા પટેલ, ફાલ્ગુની પરમાર પ્રથમ નંબરે વિજેતા થયા હતા. ૨૦૦ મી. દોડમાં અરુણા પંચાલ, પારુલ પરમાર અને ધીરજ ચાવડા પ્રથમ નંબરે વિજેતા થયા હતા. લાંબી કૂદમાં વૈશાલી સોયા, ઊંચી કૂદમાં ગીતા કુમારખાણિયા, કબડ્ડીમાં ધોરણ ૧૧ની ટીમ તથા ખો-ખો ફાઈનલમાં ધોરણ-૧૦ની ટીમ વિજેતા બની હતી.

સમગ્ર રમતોનું આયોજન શાળાના વ્યાયામ શિક્ષક આર.જી. ડામોરે કર્યું હતું. સમગ્ર શાળા પરિવારે તેને સફળ બનાવવામાં સહયોગ આપ્યો હતો. આચાર્યા તેમજ શાળા પરિવારે સ્પર્ધકો તેમજ વિજેતાઓને અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર આયોજિત 'વિદ્યારંભ-સંસ્કાર'

ગાંધીનગર, તા. ૧૮

સોળ સંસ્કારોની શ્રૃંખલામાંનો અગિયારમો મણકો એટલે 'વિદ્યારંભ સંસ્કાર'. બાળક ૪ વર્ષ, ૪ માસનું થા ત્યારે તેને આ સંસ્કારથી સંસ્કારિત કરવામાં આવે છે. ત્યારબાદ તેનું પધ્ધતિસર વાંચન લેખન શરૂ થાય છે.

વિદ્યા ભારતી પ્રશિક્ષણ કેન્દ્ર સંચાલિત શ્રી સરસ્વતી શિશુ વાટિકામાં ઉદયના બાળકોનો 'વિદ્યારંભ સંસ્કાર' તા. ૧૯મી ડિસેમ્બરના રોજ સાંજે ચારથી છ દરમિયાન આયોજિત કરવામાં આવ્યો છે.

કોઈ વાલીએ તેમના બાળક સાથે સંસ્કાર પ્રક્રિયામાં ભાગ લેવા ઈચ્છતા હોય તો આમંત્રિત છે. આ અંગે કોઈ માહિતી મેળવવી હોય તો ભૂમિકાબેન સુતરિયા, મો. ૯૪૨૮૩૫૪૦૭૯ તથા ફોન નં. ૨૩૨-૪૫૨૨૩ ઉપર સંપર્ક કરવો.

ખગોળપ્રેમીઓએ ઉલ્કા વર્ષાનો અદ્‌ભૂત નજારો નિહાળ્યો

દુનિયાભરના ખગોળ પ્રેમીઓએ ઉલ્કા વર્ષાનો અદ્‌ભૂત નજારો લોકોએ નિહાળ્યો હતો. રાજકોટ, જામનગર, પાટણમાં ઉલ્કાની આતશબાજી નિહાળી. પ્રારંભમાં કલાકની ૮ થી ૧૫ પછી ૧૫ થી ૮૭ ઉલ્કા વર્ષા થયેલ હતી. યુરોપમાં ૩૦ થી ૧૦૦ ઉલ્કા વર્ષા કલાકમાં થયેલ હતી. અવકાશમાં રોમાંચક દિવાળીના ફટાકડાંની આતશબાજી થઈ હતી. ગયા અઠવાડિયામાં ઉલ્કા વર્ષા સ્પષ્ટ જોઈ શકાઈ હતી. રાજયમાં ભારત જનવિજ્ઞાન જાથાની અપીલનો નજારો બે લાખથી વધુ વિજ્ઞાનપ્રેમીઓએ નિહાળ્યો હતો. ઉપરોક્ત માહિતી ભારત જનવિજ્ઞાન જાથાના પ્રમુખ જયંતભાઈ પંડ્યાએ આપેલ હતી.

કાયદો - વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા જોગ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, ઉધોગ ભવન, બહુમાળી ભવન, એમ.એલ.એ. કવાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા અને આવેદનપત્ર આપવા સારૂ -તિનિધિ મંડળ દ્વારા રેલી સરઘસ સ્વરૂપે ગાંધીનગરમાં આવતાં જતાં હોઈ અને ધ-૩ ખાતે વિવિધ મંડળો તથા વ્યકિતઓ દ્વારા -તિક ઉપવાસના કાર્યક્રમો ચાલુ હોઈ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ- શાંતિ જાળવવાના હેતુથી ગાંધીનગર ટાઉનશીપ અને ગાંધીનગર જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં ૧૯/૧૨/૧૨ના રોજ ૦૦.૦૦ કલાકથી ૩૧/૧૨/૧૨ના ૨૪.૦૦ કલાક સુધીની મુદત માટે હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું, કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું, મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું, જાહેર ખબરો, બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અદ્યિકારીના અભિ-ાય -માણે સુરૂચિ અથવા નીતિનો મંગ થતો અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર નિશાનીઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની કે માનહાનિ થાય તેવા કૃત્યો કરવા અ. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર દ્વારા ગુજરાત પોલીસ અદ્યિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧)થી મળેલ સત્તાની રૂઈએ મનાઈ ફરમાવવામાં આવે છે.

શિશુનગરીનો ૯મી ફેબ્રુઆરીએ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૮

વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર મહિલા બાળકો તથા શિક્ષણના કાર્યક્રમો આયોજિત કરે છે. જેના અનુસંધાને શિશુ નગરીના કાર્યક્રમનું આયોજન તા. ૯મી ફેબ્રુઆરીએ સવાર થી સાંજ સુધી રાખેલ છે.

શિશુનગરીના બાળકો માટેનાં અલગ અલગ કાર્યક્રમો હશે, વિભિન્ન પ્રકારની સાંસ્કૃતિક ઝાંખી, રંગમંચીય પ્રવૃત્તિ થશે. આ અંગે આર્થિક સહયોગની આવશ્યકતા છે. આવકવેરા ધારાની કલમ હેઠળ કરમુક્તિ મળેલ છે. સંસ્થા આર્થિક સહયોગની અપેક્ષા સેવે છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪

સૂર્યાસ્ત : ૫.૫૪

તાપમાન

મહત્તમ : ૩૦.૨ ડિ.સે.

લઘુત્તમ : ૧૬.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૪૦ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫,૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
તલાશ : ૧૦.૦૦
ખેલાડી ૭૮૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
જબ તક હૈ જાન : ૧.૦૦
તલાશ : ૪.૧૫
લાઈફ ઑફ પાય (હિન્દી) : ૭.૦૦
ખેલાડી ૭૮૬ : ૯.૩૦
: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૦૦
સિગારેટ કી તરાહ : ૧૨.૪૫
સન ઑફ સરદાર : ૩.૧૫
રેડ ડ્રૉવન(હિન્દી) : ૬.૦૦, ૧૦.૦૦
રેડ ડ્રૉવન(અંગ્રેજી) : ૮.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રેડ ડ્રૉવન(હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૦૦, ૫.૦૦
લાઈફ ઑફ પાય(હિન્દી) ૩-ડી : ૨.૩૦, ૭.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
તલાશ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ખેલાડી ૭૮૬ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ખેલાડી ૭૮૬ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

સૂર્યા, વાવોલ

ખેલાડી ૭૮૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જાનબાઝ ખેલાડી : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ખેલાડી ૭૮૬ : ૧૨.૧૫, ૩.૧૫
તલાશ : ૬.૪૫, ૯.૪૫

વિરાગ, કલોલ

ખેલાડી ૭૮૬: ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આર્થિક સમસ્યાઓ પર કાર્ય થશે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. અભિષ્ટ ફળ પ્રાપ્તિ અને કાર્યોમાં વિસ્તાર થવાનો યોગ બનશે.

વૃષભ : આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી મળેલી નિરાશાને હાવી થવા દેશો નહિ. દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો.

મિથુન : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : વ્યાપાર માં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. સગા- સ્નેહીજનો સાથે મળવાનું થઈ શકે છે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીજનો સાથે વિવાદોથી દુર રહેવું. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

તુલા : કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. વ્યાપારમાં નવા અને લાભદાયક કરાર થઈ શકે છે.

વૃશ્ચિક : દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

મકર : સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. આપનો આત્મવિશ્વાસ અડગ થશે.સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે.

કુંભ : વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. મિત્રો અને સહયોગીઓ અને વ્યાપારમાં ભાગીદારો પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે.

મીન : જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ ન થાય તેની કાળજી લેવી. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

ચિરવિદાય

- સ્વ. ઠાકોર કાનાજી શંકાજી (ઉ.વ.૬૦) વણઝારાવાસ, મુ.પો. ધોળાકુવા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. તેજાજી ચતુરજી ઠાકોર (ઉ.વ. ૮૧)કલ્યાણજાનું પરૂ, મુ.પો. મોટી આદરજ, તા., જિ. ગાંધીનગર.